

દિવ્ય ભાસ્કર પાના નં : ૯
તા. ૨૨/૧૨/૨૦૨૪

સન્ડે ફોટો સ્ટોરી

# અમદાવાદને મળી પ્રથમ ડ્રાઇવરલેસ અને હાઇ સેફ્ટી ફીચર 'મેક ઇન ઇન્ડિયા' મેટ્રો ટ્રેન





## કુલ 10 ટ્રેનનો ઓર્ડર આપ્યો, પહેલી થોડા દિવસમાં, બાકીની 5-6 મહિનામાં મળશે

અમદાવાદ | અમદાવાદને દેશની પ્રથમ મેક ઈન ઈન્ડિયા મેટ્રો ટ્રેન મળી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શનિવારે કોલકાતા નજીક ટીટાગઢ રેલ સિસ્ટમ પ્લાન્ટમાં આ મેટ્રોનું સ્વાગત કર્યું •. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડે આ પ્લાન્ટને કુલ 10 મેટ્રો ટ્રેનનો ઓર્ડર આપ્યો છે. પહેલી ટ્રેન થોડા દિવસમાં અમદાવાદ પહોંચશે. અન્ય 9 ટ્રેન 5-6 મહિનામાં મળશે.

## આ મેટ્રો ટ્રેન ટેકનોલોજી, સુરક્ષા અને ડિઝાઇનના ત્રણે સ્તરે નવી પેઢીની છે

**સંપૂર્ણપણે ડ્રાઈવરલેસ:** આ ટ્રેન ગ્રેડ અને ઓટોમેશન-4 પર આધારિત છે. એટલે કે ડ્રાઈવર વિના સંપૂર્ણપણે ઓટોમેટેડ સંચાલનની ક્ષમતા છે.

**હાઈસેફ્ટી ફીચર્સ:** આંતરરાષ્ટ્રીય માપદંડ અનુસાર એડવાન્સ ફાયર સેફ્ટી સિસ્ટમ, ઓટોમેટિક ઈમરજન્સી રિસ્પોન્સથી સજ્જ.

**સ્ટેનલેસ સ્ટીલ બોડી:** ઉચ્ચ ગુણવત્તા ધરાવતી સ્ટેનલેસ સ્ટીલથી બનેલી આ ટ્રેન વધુ ટકાઉ, વજનમાં હલકી અને મેન્ટેનન્સ ફ્રેન્ડલી છે.

**ટ્રેનમાં અમદાવાદની ઝલક:** ટ્રેનના રંગ અને ઈન્ટિરિયરમાં અમદાવાદની સાંસ્કૃતિકને સ્થાન અપાયું છે. જેથી પ્રવાસી શહેર સાથે જોડાણ અનુભવે.